ગાંધીનગર સમાચાર



# આજે શહેરમાં ગણપતિબાપાની સવારી

ગાંધીનગર તા ૧૧

બા અદબ બા મુલાહિઝા હોંશિયાર.. ગાંધીનગર ચા રાજા પધાર



રહે હે...વિધ્નહર્તા ગણેશજીની શાનદાર અને ભવ્ય સવારી આવી રહી છે. વર્ષમાં એકવાર પધારતા દુંદાળા દેવની પૂજા અર્ચના માટે સેકટરોમાં ભારે ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. શ્રાવણ મહીનામાં ભોળાનાથની ભકિત બાદ ભાવિકો ગણેશ ભકિતમાં તલ્લીન બનશે. ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી સેકટરોની શેરીઓ ગુંજી ઉઠશે.નગરમાં પ્રતિવર્ષ ભાવિકોનો ઉત્સાહ બેવડાતા ગણેશોત્સવની ઉજવણીમાં પણ ચાર ચાંદ લાગી ગયા છે.આ વર્ષે પણ નગરમાં વિવિધ ૬ સ્થળોએ અલ્ટ્રા મોર્ડન ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે.

ગણપતિ બાપા મોરીયાના નાદ સાથે સેકટરોમાંથી ભવ્ય શોભાયાત્રા નિકળશે. ગણેશજીની સ્થાપના બાદ પુજા અર્ચના અને આરતી સાથે ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત હાસ્ય દરબાર, લોક ડાયરો, નૃત્ય સ્પર્ધા,રાસ ગરબા, મેજીક શો,ડાન્સીંગ અને મ્યુઝિકલ નાઈટ સહીતના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભગવાન ગણેશજીની પુજા ગણેશ યાગ અને હોમાત્મક યજ્ઞ યોજવામાં આવશે.

ગાંધીનગરમાં ધાર્મિક પર્વાને અનુલક્ષી સેકટરોની શેરીઓમાં પારિવારિક માહોલમાં તહેવારોની ઉજવણી કરવાનો અભિગમ વધુ મજબુત બન્યો છે. જેમાં ખાસ કરીને યુવાવર્ગનુ ઈન્વોલમેન્ટ વિશેષ હોવાથી મહોત્સવની ઉજવણી વધુ શાનદાર બને છે. છેલ્લા પાંચ વર્ષથી ગણેશોત્સવની ઉજવણીમાં ધાર્મિક ભાવનાની સાથે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળે છે.દુંદાળા દેવની ભકિત આરાધના સાથે કલાકારો અને યુવાનોને સ્ટેજ પુરુ પાડવા પણ વૈવિધ્યસભર કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. ગણેશોત્સવ દરમિયાન ભાવિકો વિધ્નહર્તાને રીઝવવા વિશેષ પુજા અર્ચના કરે છે. સેકટરોમાં ઘરે ઘરે પણ ભગવાન ગણેશજીની સ્થાપના અને પુજા વિધિ માટે ઉત્સાહ જોવા મળે છે. ગણેશજીના આર્શીવાદથી સંકટ અને મુશ્કેલીઓ ટળે છે. તેવી અખુટ શ્રધ્ધા સાથે ભાવિકો અતુટ ભકિતભાવ થી ગણપતિ બાપાની ભકિતના રંગે રંગાઈ ધન્યતા અનુભવે છે. ત્યારે ગણેશોત્સવમાં ભકિતરસ ઉપરાંત દેશભકિત કલા અને સંસ્કૃતિનો પણ અનોખો તાલમેલ જોવા મળે છે. શહેરમાં વિવિધ ૭ સ્થળોએ ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આયોજકો તડામાર તૈયારી કરી લીધી છે. સે- ૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સતત ૪૬માં વર્ષે ગણેશોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે જણાંવ્યુ હતુ કે આ અન્વયે તા ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સે- ૩ સીમાં રહેતા રમેશચંદ્ર જે જોષીના નિવાસ સ્થાનેથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નીકળશે. જયારે શોભાયાત્રાના અંતે સે-૨૨ રંગમંચ ખાતે શ્રીજીની મુર્તિનુ સ્થાપન કરવામાં આવશે. ત્યારબાદ રોજ રાત્રિના ૮:૩૦ કલાકે ગીત, ગઝલ ડાયરો દેશભકિતના ગીતો નૃત્ય નિદર્શન તેમજ ભજન આરતી સુશોભન સહીતના નગરની વિવિધ સંસ્થાઓ વેપારીઓ સ્થાનિક અગ્રણીઓ ઉપરાંત સ્થાનિક નેતાઓ અને નગરજનો પણ આ ઉજવણીમાં સામેલ થશે.સ-૩ સીમાંથી નિકળેલી યાત્રાનુ સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે તેમજ સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ શ્રીજીની શોભાયાત્રાનુ સ્વાગત કરવામાં આવશે. દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત તા ૨૧ સપ્ટેમ્બરના રોજ જયોતિ મહિલા મંડળ દ્વારા બપોરે ૧:૩૦ કલાકે ભજન આરતી અને ફુલદાની સુશોભન સહીતની ઉજવણી કરવામાં આવશે.

**બા..અદબ..બા મુલાહીઝા.. હોંશિયાર ... આજે શહેરમાં વિવિધ સેકટરોમાં ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે : શહેરમાં વિવિધ ૭ સ્થળોએ ગણેશોત્સવની અલ્ટ્રામોર્ડન ઉજવણી : ગાંધીનગર ગણપતિ બાપા મોરીયાના નાદથી ગુંજશે**

● અનુસંધાન પાન-૩ પર

# વિધાનસભાએ પસાર કરેલ આઠ વિધેયકને રાજ્યપાલે મંજુર કર્યા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલ આઠ સરકારી વિધેયકોને આજે રાજ્યપાલે મંજુરી આપી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં વિધાનસભાનું ચોમાસુ સત્ર મળ્યું હતું. આ સત્ર દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્થાનિક સત્તામંડળ સુધારા વિધેયક, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા વિધેયક સહીતના કુલ આઠ સરકારી વિધેયકો વિધાનસભામાં પસાર કરીને રાજ્યપાલશ્રીને મંજુરી અર્થે મોકલી આપવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભાએ પસાર કરેલ આઠ વિધેયકોને રાજ્યપાલે મંજુરી આપી છે.



**પંચદેવ સેવા કેન્દ્રનો પ્રારંભ** - પાટનગરના પ્રવેશદ્વારે પંચદેવ યુવક મંડળ દ્વારા પદયાત્રીઓ માટે સેવાકેન્દ્રનો પ્રારંભ પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજીના વરદ હસ્તે કરાયો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**



**કેવડા ત્રીજની પૂજા** - ભારતીય સંસ્કૃતિમાં પતિ-પત્નીના સંબંધને ઉચ્ચકક્ષાએ સ્થાન અપાયું છે... પત્ની જપ-તપ-વ્રત કરીને પતિની પ્રગતિ માટે અને ભવોભવ આ જ જીવનસાથી મળે એવી આરાધના કરે છે... કેવડા ત્રીજનું વ્રત પણ આ પરંપરાનું અનોખુ પર્વ છે... ભારતીય પરણિતા પોતાના પતિનો સાથ ભવોભવ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના સાથે વ્રતની ઉપાસના કરે છે... **(તસવીર : દિપક જાની)**

# અમીયાપુરમાંથી વિદેશી દારૂની ફેક્ટરી પકડાઈ..!



ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતમાં દારૂની હેરાફેરી ખુબ જ નિયંત્રીત થઈ જતા હવે બુટલેગરોએ અહીં જ દારૂની ફેક્ટરી નાંખી દીધી છે. ગાંધીનગરના અમિયાપુર ગામમાં આવી વિદેશી દારૂ બનાવવાની ફેક્ટરી શરૂ થઈ ગઈ હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે દરોડો પાડીને દારૂની બોટલો, દારૂ બનાવવા વપરાતુ કેમીકલ, દારૂની બ્રાન્ડના સ્ટીકર્સ, ઢાંકણા સહીતની સામગ્રી જપ્ત કરી લીધી હતી. બે રાજસ્થાની અને બે અમિયાપુરના મળી ચાર શખ્સોની

**કેમીકલ વડે દારૂ બનાવવાથી માંડીને બોટલો તૈયાર કરી પેકીંગ પણ કરી દેવામાં આવતો હતો : રોયલ સ્ટેંગ બ્રાન્ડના ૧ હજાર સ્ટીકર્સ, બોટલના ઢાંકણા અને ૫૦૦ લીટર કેમીકલ મળી આવ્યું : બનાવેલી ૩૪૫ નંગ દારૂની બોટલો સાથે ચારની ધરપકડ : એક વોન્ટેડ**

● અનુસંધાન પાન-૩ પર

# સ્ટેમ્પ ડ્યુટી ભવન ખાતે ઉમેદવારોએ હોબાળો મચાવ્યો

## ઉમેદવારોનો રોષ જોતા તંત્રએ પોલીસ બોલાવવાની ફરજ પડી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ સ્થિત સ્ટેમ્પ ડ્યુટી ભવન ખાતે પોતાની નિમણુંકને લઈ ઉમેદવારોએ ભારે હોબાળો મચાવતા તંત્રને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૫ ખાતે આવેલી સ્ટેમ્પ ડ્યુટી અને જમીન માપણી કચેરી ખાતે નોંધણી નિરિક્ષક ક્લાર્ક તરીકેના ૧૬૬ ઉમેદવારો પોતાના નિમણુંક પત્રો લેવા માટે આવ્યા હતા. પરંતુ ઉમેદવારોને પોતાના જિલ્લામાં તેમજ આસપાસના જિલ્લામાં નિમણુંક આપવામાં આવશે તેવું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેમ રોષે ભરાયેલા ઉમેદવારો કહેતા હતા. પરંતુ ઉમેદવારોને નિમણુંક પત્રમાં પોતાના જિલ્લાથી જોજનો દૂર મુકવામાં આવ્યા હતા. જેમાં સાબરકાંઠા જિલ્લાના ઉમેદવારોને સુરત, ભરૂચ, બનાસકાંઠાના ઉમેદવારોને વલસાડ જ્યારે દક્ષિણ ગુજરાત વાળાને પાલનપુરની નિમણુંકો આપવામાં આવી છે. તંત્રના અધિકારીઓ ઉમેદવારોને દૂર મુકવામાં આવતા ઉમેદવારો ભારે ગુસ્સે ભરાયા હતા. ૩૩ ટકા મહિલા અનામત હોવા છતાં પણ મહિલા ઉમેદવારોને પણ જનરલ મેરીટમાં ગણ્યા હોવાની વાત સામે મહિલાઓએ સ્ટેમ્પ ડ્યુટી ભવનમાં જોરદાર હોબાળો મચાવ્યો હતો. ઉમેદવારો અને સગા વ્હાલાઓનો રોષ જોતા તંત્રએ પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. જ્યારે કેટલાક ઉમેદવારો અને વાલીઓએ આ નિમણુંકપત્રમાં ગેરરીતી થઈ હોવાનું તેમજ પોતાના ઓળખીતા સેટીંગવાળા ઉમેદવારોને મનપસંદ જગ્યાએ ગોઠવવા માટે તંત્રએ આ ઉલટ સુલટ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.



(તસવીર : કશ્યપ નિમાવત)


**શત્ શત્ પ્રણામ**



**પૂજ્ય જીબાબા**
(સ્વર્ગવાસ તા. ૧૫-૯-૨૦૧૫)

'માંના ચરણો - સમતા અને મમતા,
માની બંને આંખો - ક્ષમા અને કરુણા
માના બંને હાથો - વરદાન અને અભયદાન,
અને હૃદય - પ્રેમમંદિર,
જેમાં બીરાજે છે દેવ રૂપમાં સંતાનો
આવું માતાનું રૂપ એ...
'માતૃદેવો ભવ' છે.

પૂજ્ય બા,
આપના દિવ્ય આત્માને
અમારા શત્ શત્ પ્રણામ....

મંજુલા એ. પટેલ
નીશા એચ. પટેલ
બિનલ એચ. પટેલ
તત્વમ્કુમાર કે. પટેલ
ભીખુભાઈ વી. પટેલ
શાંતિલાલ બી. પટેલ
અશોકભાઈ સી. પટેલ (અશોકકુમાર શ્રોફ, સે.૨૨)
હિરેન એ. પટેલ (અંબિકા ટાયર્સ, MRF, સે.૫)
હર્ષિલ એ. પટેલ (અંબિકા પેટ્રોલિયમ, વાવોલ)
રીમા ટી. પટેલ
રસિલાબેન બી. પટેલ
કૈલાસબેન એસ. પટેલ

રેખાબેન સી. પટેલ
સ્પંદન - ઝરમર

સદ્ગતનું બેસણું તા. ૨૦-૯-૨૦૧૫ને રવિવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ખાતે રાખેલ છે.



**ગણેશ ચતુર્થી નિમિત્તે ઘણી બધી આઈટમનો મેઘા સેલ**

● કોટન કુર્તી ● લોન્ગ કુર્તી ● ફેન્સી અનારકલી ● પટીયાલા કુર્તી ● બાંધણી વર્કવાળી કુર્તી ● હેન્ડલુમવાળી કુર્તી ● બ્રાન્ડેડ ટી-શર્ટ ● વેસ્ટર્ન ટોપ ● લોન્ગ ટી-શર્ટ ● લોન્ગ વેસ્ટર્ન ● લેગીન્સ, નેટવાળી લેગીન્સ ● લેગીન્સની ઘણીબધી આઈટમો ● જેગીન્સ (Size L to 8XL) ● બ્રાન્ડેડ જીન્સ પેન્ટ ● ચેન એન્કલ પેન્ટ ફક્ત રૂ. ૨૦૦ (૨૮ થી ૩૨) ● પ્લાઝો ● કેપ્રી ● હેરમ ● શોર્ટી ● ટી બેગ ● દુપટ્ટા ● સ્ટોલ ● સલવાર ● પ્રિન્ટેડ પટીયાલા ● સરગ (કોટી) ● કોટન શર્ટ ● નાની લેગીંસ ટી-શર્ટ પેન્ટ મળશે

**આ બધી જ આઈટમો બધી જ સાઈઝમાં ઉપલબ્ધ**

૫૦૦ની ખરીદી પર ૧ લેગીંસ ફ્રી, ખરીદી કરો ૧૦ લેગીંસ ૧ લેગીંસ ફ્રી ● લેડીઝ ટીશર્ટ - ૩ નંગ ૨૫૦માં

સમય : સવારે ૧૦-૦૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી (બધા જ દિવસો સેલ ચાલુ)

**આસ્થા એન્ટરપ્રાઈઝ**

બી-૪૮૫, ૨૪ ચોકડી, બજાજ બાઈક શો-રૂમ પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર. મો. : ૯૭૨૬૪ ૫૬૨૨૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com